ગાંધીનગર સમાચાર

જુના સચિવાલય ખાતે ગાંધીનગર
ઓપન રેપિડ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

# ક્ષત્રિય ઠાકોર સેનાનું અંબાજી પદયાત્રા માર્ગ સફાઈ અભિયાન

**માર્ગ સફાઈ અભિયાનમાં ૧૫૦થી વધુ યુવાનો જોડાયા : ટીંટોડાથી ગાંધીનગર થઈને અંબાજી સુધીના માર્ગ પરથી પ્લાસ્ટિકનો કચરો વિણી લેવા શ્રમયજ્ઞ : એકત્ર કરાયેલ પ્લાસ્ટિકને વેચી જરૂરિયાતમંદ વર્ગના બાળકોના શિક્ષણ માટે નાણાં વપરાશે**






ગાંધીનગર, તા.૧૨

અંબાજી ખાતે ભાદરવી પૂનમે ભરાતા વિશ્વના સૌથી મોટા પદયાત્રી મેળામાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ મેદની જમાવે છે. રાજયભરમાંથી ચાલતા અંબાજી જતા પદયાત્રીઓ દ્વારા દરેક માર્ગો પર સેવા કેન્દ્રો દ્વારા સેવાભાવી દાતાઓ તથા સ્વયંસેવકો વિવિધ ખાણીપીણીની ચીજવસ્તુઓ પુરી પાડે છે. જેના કારણે પદયાત્રીઓને રાહત અનુભવાય છે. જો કે આ સેવાભાવીઓ દ્વારાઅપાતી ચીજવસ્તુઓ પદયાત્રીઓ ચાલતા ચાલતા આરોગે પછી તેના પડિયા, પાઉચ, પેકેટ, પ્લાસ્ટિકના કપ કે કોથળીઓ રસ્તામાં જ ફેંકી દે એટલે અંબાજી તરફના પદયાત્રી માર્ગો પર કચરાના ઢગ જામે છે. આ કચરાના ઢગને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના ૧૫૦ સ્વસંયેવકો દ્વારા ઉપાડી લઈ માર્ગોને ફરી સ્વચ્છ બનાવવાનું ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

અલ્પેશ ઠાકોર પ્રેરિત ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા અંબાજી પદયાત્રી માર્ગો પર પગપાળા જતા શ્રધ્ધાળુઓ પસાર થઈ ગયા બાદ રસ્તા પરનો કચરો દૂર કરવા આજથી 'ટીંટોડાથી અંબાજી' માર્ગ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામથી પ્રારંભ કરાયેલ આ અભિયાનમાં ગાંધીનગર થઈને છેક અંબાજી સુધી સતત ચાર દિવસની મહેનત દ્વારા માર્ગોની સંપૂર્ણ સફાઈ કરાશે. આ સદકાર્યમાં ક્ષત્રિય ઠાકોર સમાજના ૧૫૦થી વધુ સેવાભાવી યુવા સ્વયંસેવકો જોડાયા છે. આ સ્વયંસેવકોની આગેવાની ટીંટોડાના ગોવિંદજી ઠાકોર કરી રહ્યાં છે.

ટીંટોડાથી ગાંધીનગર સુધીના આ માર્ગ સફાઈ અભિયાનમાં એકત્ર કરાયેલ પ્લાસ્ટિકના વેસ્ટેજને ભંગારમાં વેચાણ કરવામાં આવશે અને તેમાંથી થનાર આવકને ગરીબ જરૂરિયાતમંદ શ્રમજીવી પરિવારોના બાળકોના શિક્ષણ માટે ખર્ચવામાં આવશે. દર વર્ષે અંબાજી પદયાત્રા બાદ માર્ગો પર પ્લાસ્ટિકના કપ, રેપર, કોથળીઓ, પાઉચ વગેરેના ખડકલાની જાહેર સમાજમાં ભારે ટીકા કરાય છે. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજે માર્ગ સફાઈનું સેવા કાર્ય હાથ ધરીને સમાજ માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પુરું પાડયું છે.

## @ગાંધીનગર

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે લોક ડાયરો યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સવારના ૮ કલાકે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીએ પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૬ની ૨૫૦ વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં સે-૧૧ની પોસ્ટઓફિસની મુલાકાત લીધી હતી. પોસ્ટઓફિસના કર્મચારીગણ દ્વારા વિદ્યાર્થીનીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તથા વિદ્યાર્થીનીઓને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યા નીરૂબેન પટેલની પ્રેરણાથી શાળાના શિક્ષિકા દક્ષાબેન પટેલ તથા સરિતાબેન ત્રિપાઠીએ કર્યુ હતું. મુલાકાત દરમિયાન સહકાર આપવા બદલ પોસ્ટ ઓફિસના હેડ પોસ્ટ માસ્ટર તથા કર્મચારીગણ પ્રત્યે શાળા પરિવારે આભારની લાગણી વ્યકત કરી હતી.

## જુસિકા દ્વારા સ્વજનોને શ્રધ્ધાંજલિ અર્પતો અનોખો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા મૃતક સ્વજનોને શ્રધ્ધાંજલિ અર્પવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઓગષ્ટ ૨૦૧૫ થી આજ દીન સુધી જે મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હોય તેમને શ્રધ્ધાંજલિ અર્પવા એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે. આ માટે મૃતક વ્યકિતનો એક પાસપોર્ટ સાઈઝ ફોટો અને વિગત સિવિલ હોસ્પિટલ સ્થિત સંસ્થાના કાર્યાલય ખાતે પહોંચતો કરવા જણાવાયું છે.

## વાતવાતમાં

● શનિ-રવિની રજા ઉપરાંત મંગળવારે પણ બકરી ઈદની રજા આવતી હોવાથી સોમવારે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ભારે ભીડ ઉમટી પડી હતી. દર્દીઓ તેમજ તેમના ધસારાને કારણે ઓપીડી વિભાગમાં જાણે મેળો ભરાયો હોય તેવો માહોલ સર્જાયો હતો.

● ફરી એક વાર મૌસમે કરવટ બદલી છે અને દિવસે ગરમી તેમજ રાત્રે ઠંડીનો અનુભવ નગરજનોને થઈ રહ્યો છે. બેવડી ઋતુ તેમજ માખી-મચ્છર સહિતના રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધવાથી શહેરીજનો વાહકજન્ય રોગો જેવા કે તાવ, શરદી, ખાંસી, ગળુ દુઃખવું, માથાના દુઃખાવો, સાંધાના દુઃખાવો વગેરેના ભોગ બની રહ્યાં છે.

● શહેરમાં અંબાજી પદયાત્રીઓ માટેના મોટા ભાગના સેવા કેન્દ્રો આટોપી લેવાય છે. છેલ્લા સપ્તાહમાં પદયાત્રીઓની સેવામાં દિવસ રાત ખડે પગે રહેનારા સ્વયં સવકોએ આખો દિવસ આરામ કરી થાક ઉતાર્યો હતો.

● ગણેશોત્સવ તથા અંબાજી પદયાત્રાના સમાપન સાથે શહેરની સોસાયટીઓ તથા વસાહતોમાં નવરાત્રિના આયોજન અંગે બેઠકોના દોરનોપ્રારંભ થયોછે. ગાંધીનગર ઉપરાંત ગુડા વિસ્તારો જેવા કે ન્યુ વાવોલ, સરગાસણ ચાર રસ્તા, હડમતિયા, કુડાસણ, રાયસણ વગેરેની નવી સોસયટીઓમાં નવરાત્રિના આયોજન અંગે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

● નવરાત્રિ આડે હવે ગણતરીના દિવસો વધ્યા હોવાથી શહેરના ગરબા પ્રેમી યુવા ખેલૈયાઓમાં ભારે હલચલ જોવા મળી રહી છે. આ યુવાનો દ્વારા વિવિધ લેટેસ્ટ સ્ટાઈલના ગરબા શીખવા ઉપરાંત ટ્રેડિશનલ ડ્રેસિંગ, અવનવી હેર સ્ટાઈલ તથા ટેટુઝ વગેરે પાછળ ઝીણવટભર્યુ ધ્યાન આપવામાં આવી રહ્યુંછે.

# હિંમતનગર આર.ટી.ઓ. સર્કલ પાસેથી દેશી તમંચા સાથે બે ઝડપાયા





ગાંધીનગર, તા.૧૨

આર.આર.સેલ ગાંધીનગરની ટીમ હિંમતનગર આર.ટી.ઓ. સર્કલ નજીક સોમવારે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એક જીપમાં બેઠેલા બે શંકાસ્પદ ઈસમો પૈકી એકના થેલામાંથી એક દેશી તમંચો અને બે જીવત કારતૂસ મળી આવતાં બંનેની અટકાયત કરી રૂરલ પોલીસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી કરવા સોંપવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગર રેન્જ મનોજ શશીધરે રેન્જ વિસ્તારમાં હથિયાર સંબંધી ગતિવિધિઓ ઉપર સઘન વૉચ રાખી અસરકારક કામગીરી કરવા પી.એસ.આઈ. વી. યુ. ગડરીયાને સુચના આપી હતી.

ગાંધીનગર આર.આર.સેલની ટીમ હિંમતનગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પો.કો. હિંમતસિંહને બાતમી મળી હતી કે એક જીપ નં.જીજે.૦૯.એમ.૩૫૫૦ માં બે વાદી જાતિના માણસો એક થેલામાં દેશી તમંચો લઈ ચિઠોડાથી આર.ટી.ઓ. સર્કલ આવવાના છે. બાતમીને પગલે આર.આર.સેલની ટીમ આર.ટી.ઓ. સર્કલ ખાતે વોચમાં હતી તે દરમિયાન મોતીપુરા ટોલટેક્ષ બાજુથી આ જીપ આવી પહોંચતા તેમાંથી બે ઈસમો કિશનભાઈ વજાજી વાદી, રહે. મુ.પો. જાયલા, તા. ભિલોડા, જી. અરવલ્લી તથા નારણભાઈ રામજીભાઈ વાદી, રહે. મુ. પો. ચિઠોડા, તા. વિજયનગર, જી. સાબરકાંઠાને નીચે ઉતર્યા હતા. તેમને કોર્ડન કરી તેમની પાસેના થેલાની તપાસ કરતા તેમાંથી એક દેશી તમંચો કિ. રૂા. ૨૫૦૦ અને અંગ્રેજીમાં શકિતમાન-૧૨ એકસપ્રેસ લોંગ રેંજ હાઈ વેલોસીટી ૭૦ એમએમ લખેલા બે કારતૂસ મળી આવતાં બંને ઈસમોની અટકાયત કરી આર્મ્સ એકટ ૧૯૫૯ની કલમ ૨૫(૧-બી) તથા જીપી એકટ ૧૩૫ મુજબ આગળની કાર્યવાહી કરવા રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.

# સિવિલ હોસ્પિટલમાં લિફટની બાજુમાં પાણીનો ખાડો યથાવત

**લિફટમાં પાણી કયાંથી આવે છે તે શોધવા માટે બાજુમાં ખાડો કરાયો પરંતુ ખાડો પણ પાણીમાં ગરકાવ છે**



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં આવેલા નવા બિલ્ડીંગના ભોંયતળીયે આવેલ લિફટોમાં પાણી ભરાવાની ફરિયાદો છેલ્લા ઘણા સમયથી ઉઠવા પામી છે. આ સમસ્યાને અનુલક્ષી કેટલીકવાર લિફટ બંધ કરવાની તંત્રને ફરજ પડી છે. આ પાણી લિફટમાં કયાંથી આવે છે તે શોધવા માટે તંત્ર એ અંદાજે પાંચ દિવસથી લિફટને સમાંતર ખાડો ખોદ્યો છે. પરંતુ આ ખાડો પણ પાણીમાં ગરકાવ છે અંતે તંત્ર કંટાળીને આ ખાડો પુરે તેવી પરિસ્થિતિ ઉદભવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલને કરોડો રુપીયાને ખર્ચે આધુનિક ટચ આપવામાં આવ્યો છે. જીએમઈઆરએસ સંલગ્ન હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ હોસ્પિટલ સંકુલમાં રોજ નિતનવી સમસ્યા ઉદભવે છે. નવી આઠ માળની ઈમારત કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર કરાઈ છે. તેને ભોંયતળીયે દર્દીઓ અને સ્વજનો આવનજાવન કરી શકે તે માટે તંત્ર દ્વારા લીફટની સગવડ મુકવામાં આવી છે. પરંતુ કોણ જાણે કયાંથી લિફટની નીચે પાણી આવે છે. આ પાણી વારંવાર તંત્ર દ્વારા ઉલેચવમાં આવે છે અને લિફટ કાર્યરત રાખવામાં આવે છે. તાજેતરમાં લિફટમાં આવતા પાણીને પગલે તંત્ર દ્વારા લિફટની બાજુમાં સમાંતર ખાડો ખોદવામાં આવ્યો હતો. જેને પગલે જાણી શકાય કે લિફટમાં પાણી કયાંથી આવે છે કયા સ્થળે લિકેજ છે. પરંતુ ખાડો જ ખોદ્યો તે દિવસથી પાણીમાં ગરકાવ છે. ખાડામાંથી પાણી નીકાળવામાં આવે છે અને પાછું આવી જાય છે. અંદાજે પાંચ દિવસનો સમય થયો છતા પાણી ખાડામાંથી જવાનું નામ લેતું નથી અને તંત્રના માણસો પાણી હોવાથી કામ કરી શકતા નથી. પાણી ઉલેચીને કર્મીઓ પણ હવે કંટાળી ગયા છે. ત્યારે તંત્ર દ્વારા આ ખાડો પુરી દેવામાં આવે તેવી પરિસ્થિતિ ઉદભવી છે. આગામી સમયમાં લિફટમાં આવતા પાણી માટે તંત્ર કયા પ્રકારના પગલા ભરે છે અને લિફટમાં પાણી આવતુ બંધ થાય છે કે કેમ તે જોવું રહ્યું...

## શ્રી ગજાનન સેવા દ્વારા કપડા અને અનાજનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૨

ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ગોઢ ગામ સહીતના વિસ્તારમાં કુલ ૧૧૪ વૃધ્ધોને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં નવ ગામોની બહેનોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ગોઢ પ્રાથમિક શાળા અને ભેટાલી પ્રાથમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને બોલપેન અને પેન્સિલનું વિતરણ કર્યુ હતું. તેમજ ભેટાલી આશ્રમ તથા પ્રાથમિક શાળા ખાતે નવા કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સમિતિ દ્વારા પ્રત્યેક શાળામાં ૧૦ રોપાઓ રોપી આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કિશોર જીકાદરા, કમલેશ રાવલ અને મિલિન્દભાઈ હાજર રહ્યા હતા.





સમસ્ત સુથાર વાસના મિત્ર મંડળ દ્વારા રાંધેજા ગામ ખાતે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ભાદરવા સુદ આઠમના રોજ ઢોલ નગારા સાથે નગરયાત્રા કરી ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ગણેશ ભકતોદ્વારા સવા બાર કિલો ચૂરમાના લાડુનો ભોગ ધરાવાયો હતો.

# જુના સચિવાલય ખાતે ગાંધીનગર ઓપન રેપિડ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

**રાજયભરમાંથી ૧૨૪ ખેલાડીઓએ ભાગ લીધો : ત્રણ કેટેગરીમાં રમાયેલ સ્પર્ધામાં ગાંધીનગરના સ્પર્ધકોનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન**

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં જુના સચિવાલય ખાતે રવિવારે ગાંધીનગર ઓપન રેપિડ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ગુજરાત ભરમાંથી કુલ ૧૨૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩૨ જેટલા રેટેડ ખેલાડીઓ પણ જોડાયા હતા.

ગાંધીનગર ઓપન રેપિડ ચેસ ટુર્નામેન્ટ અન્ડર-૧૧, અન્ડર-૧૬ તથા ઓપન એમ કુલ ત્રણ કેટેગરીમાં યોજાઈ હતી. દરેક ખેલાડીને પાંચ રાઉન્ડ રમવાના હતા. ટૂર્નામેન્ટમાં ગાંધીનગરના યુવા ખલાડીઓનું પરફોર્મન્સ ઉત્કૃષ્ઠ રહ્યું હતું. આ ચેસ ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૧ કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે વંશ અડાલજા, દ્વિતિય ક્રમે ધ્રુવસિંહ વાઘેલા, તૃતીય ક્રમે કવન કે. ઝવેરી, ચતુર્થ ક્રમે ધ્વનિત ગોહિલ અને પાંચમા ક્રમે કેના પી. પરમાર વિજેતા બન્યા હતા. અન્ડર-૧૬ કેટેગરીમાં પ્રથમ ક્રમે આયુષ પટેલ, દ્વિતિય ક્રમે તિર્થ હર્ષદભાઈ, તૃતીય ક્રમે મલ્હાર મારૂ, ચોથા નંબરે દીપ એન. પરમાર તથા પાંચમા ક્રમે કથન કે. ઝવેરી વિજેતા બન્યા હતા. જયારે ઓપન કેટેગરીમાં પ્રથમ ક્રમે વિરેન્દ્રસિંહ ઝાલા, દ્વિતિય ક્રમે વિવેક વ્હાલા, તૃતીય ક્રમે પુષ્પેન્દ્રસિંહ ઝાલા, ચોથા નંબરે રાકેશ ભટ્ટી અને પાંચમા ક્રમે નિલેશ જોશી વિજેતા બન્યા હતા. ઓપન કેટેગરીના પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂ.૧૫૦૦, રૂ. ૧૦૦૦ અને રૂ. ૭૦૦ના રોકડ ઈનામ તથા ટ્રોફી અપાઈ હતી. અન્ય બંને કેટેગરીના પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા તેમજ તમામ કેટેગરીમાં ચોથાથી દસમા ક્રમાંક સુધીના વિજેતાઓને મેડલ્સ આપી સન્માનવામાં આવ્યા હતા. સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન હર્ષદ ઈશ્વરભાઈ કાપડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. અને સુરેન્દ્રનગરના પંકજ પંચોલીએ ટૂર્નામેન્ટમાં આર્બિટરની ભૂમિકા નિભાવી હતી.






## સે-૨ ગણેશ મહોત્સવમાં જય છનીયારાનો હાસ્ય દરબાર યોજાયો

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૨-સી યુવક મંડળ સંચાલિત સાર્વજનિક ગણેશ મહોત્સવમાં છઠ્ઠા દિવસે કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવે, મૂર્તિના સ્પોન્સર શ્રી બાબુભાઈ પટેલ (અશ્વમેઘ) ભાજપા ગાંધીનગર શહેરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, કોર્પોરેટર પ્રવિણાબેન વોરા તથા વોટર્સ ઈન્ડિયાના એજીએમ દિનેશભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા અને આરતીનો લાભ લીધો હતો.

પ્રમુખ વિક્રમભાઈ દેસાઈ અને સમગ્ર ટીમ દ્વારા મહેમાનોનું ભાવભીનું સમ્માન શાલ તેમજ પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું હતું. માહિતી ખાતાના સૌજન્યથી હાસ્ય દરબારનો ત્રિપુટી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં હાસ્ય સમ્રાટ જય છનિયારા (સૌથી નાની વયના કલાકાર) દેવેશ દરજી અને હરપાલસિંહ ઝાલાએ હાસ્યનો રસ પીરસ્યો હતો. હાસ્યના અવનવા ટુચકા સાંભળી ભકતો ખુશીથી ઝુમી ઉઠયા હતા. મોડી રાત સુધી મોટી સંખ્યામાં ગાંધીનગરના નગરજનો હાજર રહ્યા હતા અને હાસ્ય દરબારનો લાભ લીધો હતો.

## ચિરવિદાય

- સ્વ. ચહેરાજી પૂંજાજી ઠાકોર, ઉ.વ. ૮૬
- સ્વ. જયંતિલાલ મોતીલાલ શાહ, ઉ.વ. ૭૭
- સ્વ. શાન્તાબેન ગોપાલભાઈ પટેલ, ઉ.વ. ૬૮